

વર્ષ ૩ અંક ૧૧

શ્રીષટતિલા

એકાદશી વ્રત

પોષ વદ ૧૧, ૨૦૬૭

તાત તણો પ્રતિબિંબ રે રસના



અનુક્રમણિકા

राग वसंत

श्रीवल्लभ वसंत आयौ भयौ बाल मनभायौ ।

प्रथम मज्जन कीनौ अञ्जन नैनन,

दियौ सुधारी सिङ्गार बनायौ ।। १ ।।

कुच गड्डुवा तामैं मनकी फूल सुं फूल,

धरी कञ्चुकी पट जोबन सुरङ्ग उढ़ायौ ।

अबीर गुलाल कटाक्षन छिरकत वृन्दावनचन्द रिझायौ ।। २ ।

શ્રીગોકુલેશ પાઠશાળા

।। શ્રીગોકુલેશો જયતિ ।।

તાત તણો પ્રતિબિંબ રે રસના

નિવેદન

શ્રીગોકુલકો નાથ, શ્રીવ્રજમેં કરત વિહાર;

નિજ-જન કૌ વરન કારન, લિયૌ ભૂતલ પ્રાકટ્ય ઉપહાર. ૧

શ્રીગોકુલેશ હી એક નામ, જૌ સુખ દૈ સદા અપાર;

ઐસૈ સુખ સાગર શ્રીરાયજું, રાખૈ સદા શ્રીચરણ નિરાધાર. ૨

પુરાણ કિયો પ્રકાશ, યહ સ્વરૂપ કરૈ શ્રીવ્રજ વાસ;

દાસગોપાલ કૈ શ્રીરાયપ્રભુ, રાખૌ શ્રીચરણ પાસ નિર્ધાર. ૩

સર્વે શ્રીગોકુલેશચરણશરણાનુરાગી વૈષ્ણવ સમાજ માટે અનન્યતા એ ચર્ચાનો વિષય નથી, પરંતુ કર્તવ્ય છે, જે સહજ રીતે આવી જાય છે. અનન્યતાએ શ્રીગોકુલેશચરણશરણાનુરાગી વૈષ્ણવ સમાજની આગવી ઓળખાણ છે. શ્રીગોકુલેશ પ્રભુના ૭૮ ભગવદીયોએ એજ અનન્યતાને અનુસરીને ઉત્તમોત્તમ પદને પ્રાપ્ત થયા. કવિઓ પણ કહે છે : એક સાધે સબ સધે, સબ સાધે સબ જાય...એટલે કે એકને અનુસરીને રહીશું તો સર્વનું અનુસરણ પ્રાપ્ત થાય, પણ જો બધાંને અનુસરણ કરવા રહીશું, તો પછી એકેયને સાધી શકાય નહિં. અનન્યતા કોઇ વાળાબંદી નથી, પરંતુ પતિવ્રતા ધર્મ છે.

શ્રીગોકુલેશ પ્રભુના વચનામૃતમાં પણ આપણને પતિવ્રતા ધર્મ એટલે કે અનન્યતાને અનુસરવાની આજ્ઞા પ્રાપ્ત થાય છે. એવો એક પ્રસંગ બન્યો. આપશ્રીએ શ્રીમુખે આજ્ઞા કરિ : શ્રીગુસાંઈજીના અવતારકાળમાં બે સ્ત્રી-પુરુષ હતા. તે બનારસમાં રહેતા હતા. એક દિવસ બન્ને વૈષ્ણવને જોઇને શ્રીગુસાંઈજીના નેત્ર ભરી આવ્યા. તે જોઇ આપશ્રીના એક ખવાસે વિનંતી કરી કે રાજ! આ વૈષ્ણવો પર આપશ્રીએ ઘણી કૃપા કરી છે. ત્યારે શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી કે આ બન્ને એવા અનન્ય વૈષ્ણવો છે કે જેમણે જીવનભર સેવા સિવાય અન્ય કશું જોયું નથી, એવા સ્વરૂસાસક્ત અનન્યતા વાળા આ વૈષ્ણવો છે, જેઓએ શ્રીઠાકોરજી સિવાય બીજું કશું જોયું નથી.

આવી અનન્યતા જોઇએ. શ્રીમહાપ્રભુએ ભક્તિવર્ધિની ગ્રંથ પ્રગટ કર્યો છે. અને તે ગ્રંથ પર શ્રીગોકુલેશ પ્રભુ ટીકા પ્રગટ કરતાં આજ્ઞા કરે છે કે આ માર્ગમાં જીવ જ્યારે શરણે આવે છે, તે ભક્તિનું બીજ લઇને આવે છે. પણ તે બીજની દૃઢતા કેવળ એકપરતયા થઇને પ્રાપ્ત કરી શકાય. ભરૂચનિવાસી દાદા નારાયણજીનો પરિવાર, રેડા વૈષ્ણવ, માલજી પંચોલીજી, બહેનજીરાજ, ગોપાલદાસભાઇ, વગેરે ૭૮ ભગવદીયો આજ એકપરતા એટલે કેવલ ને કેવલ શ્રીગોકુલેશ પ્રભુનેજ અનન્ય જાણી સ્વરૂપાસક્ત થઇને ભજન કરતાં.

राग बिहागरो :- हमारो माइ ठाकोर श्रीगोकुलनाथ ।। और ठाकोर देख्यो ना कोउ जाही नमाउं माथ ।। १ ।। अष्टसिद्धि नवनिद्ध कल्पतरु जापे ओटूं हाथ ।। वृन्दावनको चन्द्र श्रीवल्लभ सब सुख जाके साथ ।। २ ।।

ભાવક :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

।। શ્રીગોકુલેશો જયતિ ।।

ટિપ્પણી

વિક્રમ સંવત્ ૨૦૬૭ પોષ વદ પક્ષ ૧૧ થી વિક્રમ સંવત્ ૨૦૬૭ મહા સુદ પક્ષ ૧૦ (ગુર્જર માસ)

જાન્યુઆરી ૨૯, ૨૦૧૧ થી ફેબ્રુઆરી ૧૩, ૨૦૧૧

મિતિ	વાર	તારીખ	શ્રીવાલ્લભ શ્રીચતુર્થગૃહના ઉત્સવ
૧૧ – પોષ વદ	શનિ	જાન્યુઆરી-૨૯	શ્રીષટતિલા એકાદશી વ્રત
૧૨	રવિ	૩૦	
૧૩	સોમ	૩૧	
૧૪	મંગળ	ફેબ્રુઆરી-૧	શ્રીફૂલકુંવરમાંજી મહારાજનો ઉત્સવ
૩૦	બુધ	૨	દ્વાપરયુગનો પ્રારંભ દિવસ
૩૦	ગુરુ	૩	
૧ – મહા સુદ	શુક્ર	૪	
૨	શનિ	૫	
૩	રવિ	૬	
૪	સોમ	૭	
૫	મંગળ	૮	વસંત પંચમી
૬	બુધ	૯	
૭	ગુરુ	૧૦	
૮	શુક્ર	૧૧	
૯	શનિ	૧૨	
૧૦	રવિ	૧૩	

ભગવાન જ જ્ઞાનાદિરૂપ હોવાથી (સંસાર) મટાડનાર છે. પ્રકૃતિ વગેરેનું નિવારણ કરનાર હોવાથી પુનઃ સંસાર થવા દેતા નથી, અને આત્મા હોવાથી અવશ્ય હિત કરનાર છે તેથી બીજાથી ભય મટતો નથી.

(શ્રીસુબોધિનીજી ૩.૨૫.૪૧)

શ્રીવાલ્લભ સિદ્ધાંતનિષ્ઠ શ્રીચતુર્થપીઠ તરફથી પ્રકાશિત ટિપ્પણીને આધારે આ પખવાડીક ટિપ્પણી.

નોંધ :- શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સેવક સમાજ માટે વર્ષભર આવનાર ઉત્સવ માટે કેવળ આજ ટિપ્પણી માન્ય રાખવી, એ આપણું કર્તવ્ય છે. અને આ ટિપ્પણી પ્રમાણે ઉત્સવ મનાવવાં. ટિપ્પણી તે પીઠનો આદેશ સમાન મુખપત્ર છે.

।। શ્રીગોકુલેશો જયતિ ।।

શ્રીગોકુલેશ સ્વરૂપ દર્શન

શ્રીગોકુલેશ પ્રભુનો વિવાહ-ઉત્સવ

...ગતાંકથી આગળ

શ્રીવિઠ્ઠલ સુત રસરૂપ, તે સુખદ સોહામણાં એ,
આનંદ દાયક મૂલ તે, જગત મોહામણાં એ.

ચાલ :- જીરે શ્રીવિઠ્ઠલજીને ઘેરે સામગ્રી બહુ થાયજી, જીરે માનુની સૌ એ મળી મળી, વિવિધ મંગલ ગાયજી. ૧
જીરે વાજીંત્ર વાજે વિધવિધના, ઉલટ અંગ ન માયજી, જીરે મન માંહે અતિ મોદ ભર્યા, ખેલે વ્રજરાયજી. ૨
જીરે મામા ગોવિંદજી ત્યાંહાં, જે કરે થાયજી, જીરે સહુને આજ્ઞા દે પોતે, શ્રીવિઠ્ઠલજી ને સાહયજી. ૩
જીરે હરિવંશજી ફૂલ્યા ત્યાંહાં, પોતે કારજ કરેજી, જીરે નાહ્ના મોટા સહુ એની, આજ્ઞા માથે ધરેજી. ૪
જીરે વરજીને ઉલટ ઘણો, બહાર કો એ ન જાણેજી, જીરે હરખે વ્રજવાસી સહુ, ગુણ તેના વખાણેજી. ૫
જીરે પાયે નેપુર રણજણે, જુવતી આવે જાયજી, જીરે રોલ પડે ત્યાંહાં કુંકુમના, મુખ તંબોલે સહુયજી. ૬
જીરે ઠામ્ય ઠામ્ય જુવતી જુથ, વરજીના ગુણ ગાયજી, જીરે નરનારી ઉલટ ઘણો, ઘેર ઘેર ઉચ્છવ થાયજી. ૭
જીરે વિવાહને પહેલે દિવસે, વૃદ્ધિ થઈ બેહુ ઘેરજી, જીરે ધવલ ગાયે માનુની, હોએ ઉત્સવ બહુ પેરજી. ૮
જીરે જુવતી જુથે વીંટીયા, વરજી તે ઘણું સોહેજી, જીરે મોહનજીનું રૂપ ઘણું, નર નારી મન મોહેજી. ૯
જીરે મીસ ધરી જુવતી જુથ, સ્પર્શે તે શ્રીઅંગજી, જીરે અકુલાએ મનમાં ઘણું, ઉઠે કામ તરંગજી. ૧૦
જીરે કરમલા કરી જુએ વરજી, જુવતી સાહમું જ્યારેજી, જીરે ભુલે દેહ જુવતી સહુ, અકુલાએ ઘણુ ત્યારેજી. ૧૧
જીરે ન ધરે ધીરજ કો ત્યાંહા, એહવું રૂપ વર તણુંજી, જીરે કહેતાં કાંઈ પુરવે નહી, મત્ય માહારી અતિ અણુજી. ૧૨
જીરે જ્ઞાતી ભોજન અતિ ઘણા, હોએ તે બહુ ઘેરજી, જીરે વાજીંત્ર વાજે વિધવિધનાં, વેદ ધુની બહુ પેરજી. ૧૩
જીરે વિવાહનો દહાડો આવીયો, મહા મંગલનું ધામજી, જીરે મથુરાં સર્વ ગાજી રહ્યું, સહુના પુરે કામજી. ૧૪
જીરે વિવિધ ભોજન હોએ છે, જ્ઞાતિ મળી સર્વ ટોળેજી, જીરે માંહો માહે નરનારી, બોલે મધુરા બોલજી. ૧૫
જીરે ચાચા હરિવંશ બોલીયા, મોહ ભરા તે વારજી, જીરે વરઘોડા વેલા થઈ, હવે મળ્યાઉ વારજી. ૧૬
જીરે વરઘોડાની સામગ્રી, વેગે તત્પર કીધીજી, જીરે આરતી પૂરી શુભ થાળ, જુવતીને કર દીધીજી. ૧૭
જીરે હરિવંશજી બોલવયા વેગે, મંડપ માંહે જઈજી, જીરે દિવસ રહ્યો છે ઘડી ચાર, હવે વેલા થઈજી. ૧૮
જીરે શણગારી ઉત્તમ ઘોડો, આણ્યો વેગે કરીજી, જીરે વરજી તે ઘોડે બેઠા, શ્રીફળ બેહુઉ કરે ધરીજી. ૧૯

જીરે નાના અંબર પહેરીયા, સોહે ત્યાંહાં વ્રજ નારીજી, જીરે વિધવિધના આભુષણ, ધરીયાં અંગ સમારીજી. ૨૦

જીરે વિઠ્ઠલજી સંગે ચાલે, સાથે સર્વ પરિવારજી, જીરે ઉરે અબીલ ગુલાલ ત્યાંહાં, હોએ જય જય કારજી. ૨૧

જીરે વાજીંત્ર વાજે અતિ ઘણાં, તેનો નહી પારજી, જીરે મથુરાં સર્વ ગાજી રહ્યું, તારી તાલ મૃદંગજી. ૨૨

જીરે ઢોલ પટહ આનક રવાબ, આવજ ઝાંજ ઉમંગજી, જીરે વીણા વેણાં વાંસળી, ગોળેખ શરણાઇ રાગેજી. ૨૩

જીરે અનંગ ભેરી ઝાલરી, ડુગડુગી ત્યાંહાં વાજેજી, જીરે મુરજ ભુંગળની જોડ્ય, સારંગી બહુ તાનજી. ૨૪

જીરે સાર મંડલ રણજણ, ચંદ્ર મંડલ બહુ ગાનજી, જીરે બીજા વાજીંત્ર અતિ ઘણાં, તેનો તો નહી પારજી. ૨૫

જીરે મથુરા સર્વ ગાજી રહ્યું, અતિ શોભા તે વારજી, જીરે નૃત્ય હોએ ત્યાંહાં અતિ ઘણાં, સાથે હરિગુણ ગાનજી. ૨૬

જીરે રંગ ભરા વરજી મનમાં, શોભાનું નહી માનજી, જીરે બંદીજન સહુ જસ ભણે, દે વળી વળી આશિષજી. ૨૭

જીરે તુલસી ગુંજા પુષ્પ ઘણાં, સોહે ત્યાંહાં જગદીશજી, જીરે એણી પેરે રંગ પહોંચ્યા, વેણાભટ્ટને દ્વારજી. ૨૮

જીરે કલસ સમારી સુંદરી બે, આવે સન્મુખ ત્યાંહાં રે જી, જીરે કલસ પુંજી વર ઉતર્યા, દ્વારે ઊભા જઇનેજી. ૨૯

જીરે માહવ ત્યાંહાં જઇને જુએ, વરને પાસે રહીનેજી....

શ્રીગોકુલેશ પ્રભુ ઘોડીએ અસવાર

શ્રીગુસાંઇજીના ઘરે મોટો ઉત્સાહથી સર્વ કાર્યો થઇ રહ્યા છે. વરઘોડો માટે ઘોડી સુંદર શણગારી છે. જાનની તૈયારી થવા લાગી.

અશ્વ કચ્છીની જે ગતિ છે પક્ષીની એ, નીલો નૌતન ગતિ નાચતો એ; ૬૭

અતિ શણગારીઓ પરમ સોહાવ્યો એ, આવ્યો મનમાંહાં ઘણું રાચતો એ. ૬૮

વરઘોડો માટે ઘોડી સુંદર શણગારી છે અને આમ કરતાં રાત્રી થઇ અને વરઘોડાનો સમય થયો છે. વરજીને સોહાસણીઓ માળીને અનુપમ શ્રૃંગાર કરાવ્યો છે. અને વાઘો ધરાવતા ગાય છેઃ-

વરનો વાગો તો સવા લાખનો, પેરજો પેરજો સાસરીયાના ઘરે રે.

વ્હાલીડા મારા તમારે જાવું છે કન્યા પરણવા.....

વરજીને અંજન તિલક કરી ફુલનો હાર પહેરાવ્યો છે. અને જે જાન સિદ્ધ થઇ છે તે સર્વને કેસર છિરક્યા છે. કેશર છીરકતાં છીરકતા સ્ત્રીજન ગાય છેઃ

કેસર કાંટે તોળાય ને વાટકે ઘોળાય કેસર છાંટણા, જેમ રે મલે તેમ રે લ્યો ને ગુસાંઇજી દાદા કેસર છાંટણા.

આપણે ઘેર છે વલ્લભ વરનો વિવાહ કેસર છાંટણા,

કેશર છાંટી બીડા અપાય છે અને તિલક કરાય છે. વરરાજા તૈયાર થઇ ગયા, હવે કુલદેવતા પાસે બેસી પુન્યાવાચન થાય છે. અહીં દુલ્હાને શેરો ધરાવાય છે અને ગીત ગવાય છે

મદ ભર્યો હાથી ને લાલ અંબાડી, ફૂલનો શેરો સોહે વલ્લભવર;

ગોકુલના રાજવીને મથુરાના પાટવી, માધવદાસ તમને કહાવી મોકલે.

છત્ર જોઈએ તો અમારા લેજો રાજ, ગોકુલના રાજવી ને મથુરાના પાટવી;

વેણો ભટ્ટ તમને કહાવી મોકલે જાન લઈ વેલા પધારો વેવાયુ, ગોકુલના રાજવીને મથુરાના પાટવી.

મોળ માલણ લઈ આવી છે. તેને સાડી ચોલી, જે ને તેથી ઘણું વધારે છે, આપી તેનું બહુમાન કર્યુ. શ્રીવલ્લભને પશ ભરાવી બહેને આરતી કરી અને કુળ દેવતાને નમન કરી જાન ઉઘલે છે.

સુંદરી-તિલક મુગટ-મણિ મુગટાધિપના જેહજી, તેહને ત્યાં મોડ ધરાવીઓ શોભા ક્યાંહાં લગી કહું તેહજી. ૩૫

શોભા જોઈ શોભા ત્રિલોકની ચરણે લાગી મેહેલી ગર્વજી, આધિદૈવિક સ્વરૂપ પોતાતણું વારે છે સર્વજી. ૩૬

દેવકાંજી ને જમુનાજીએ તિલક કુમકુમ તણું કરીયજી, આરતિ હરણને આરતિ વારિ તે ઉલટ ભરીયજી. ૩૭

મહાફલના કરમાંહાં ધર્યું શ્રીફલ મંગલ કાજજી, નમન કરી કુલ દેવને વિજય કરે છે મહારાજજી. ૩૮

શ્રીગુસાંઈજી મોદે ભર્યા સાથે છે વેદના પાત્રજી, વૈદિક સ્વસ્તિવાચન ભણે શુભ સમયના શુભ માત્રજી. ૩૯

વરદ વરેશ વલ્લભવર રસભર નવલકુમારજી, એક લરિકાને સાથે લઈ ઘોડે થયા અસ્વારજી. ૪૦

હવે જાન નીકળી. વરઘોડાની શોભા અદભુત છે. છતાં ગુજરાતનાં ભક્તોને એમ થાય છે કે હજી કાંઇક ખૂટે છે. અને આ કાંઇક માટે માધવદાસ શ્રીગુસાંઈજીને વિનંતી કરે છે કે ગુજરાતી રીત પ્રમાણે વરરાજાને છત્ર ધરાવવાની આજ્ઞા આપો. શ્રીગુસાંઈજી તરતજ હા પાડી છે.

વરજી ને છત્ર ધરાવીએ એહવી હમારે છે રીતજી;

માધવદાસે છત્ર ધર્યું કર્યુ મન ભાવતું આપજી, એહવું દરશન કરાવીને જગતનો હરીયો પરીતાપજી.૪૫

માધવદાસે મનોરથ કરી ધરી આનંદ અપારજી, ચૌદ ભુવન તણા છત્રને છત્ર ધર્યું તેણી વારજી. ૪૬

જીવા પારેખ નાગજી, ભાઈલા કોઠારીને દેવરાજજી, એ ચમર ઢાલે ચોહોપાસ સાથે છે અનેક સમાજજી. ૪૭

શ્રીગુસાંઈજીના મનમાં પણ ઈચ્છા હતી કે છત્ર ધરાવાય તો ઠીક. પરંતુ લોક રીત નહીં તેથી અટકતા હતા. તેવામાં માધવદાસજીની વિનંતી આવી. શ્રીગુસાંઈજીના મનનું ભાવતું થયું છે. જીવુભાઈ વગેરે ચમર ઢોળી રહ્યા છે. અને જાન વેવાઈના માંડવા તરફ આગળ વધે છે. જાનડીયું દુલ્હાને શીખામણ આપે છે :

બન્ના ધીરે ધીરે ચાલ બન્ના સંભલ કે ચલ, ઘોડી આઈ હે કાબુલ દેશકી, તેરે દાદા હજારીને મોલ લીની.

કાબુલની ઘોડી છે માટે સંભાળીને ચલાવજે તેવી વિનંતી થાય છે. સીધા માંડવે નથી પહોંચવાનું. રસ્તામાં મુકામ કરતા જવાનું છે. કયાં મુકામ કરવો તેથી ભલામણ વરરાજાને થાય.

ધીમી ધીમી ઘોડી હાંકો વલ્લભલાલ મથુરા શહેર સામી હાંકજો રે,

મથુરા શહેરના ચાર દરવાજા પહેલે દરવાજે ઉભી રાખજો રે,

પહેલે દરવાજે જોશીડાના હાટ છે લગ્ન લખાવી વહેલા આવજો રે.

....ધીમી ધીમી

બીજે અને ત્રીજે દરવાજે સોની-કાપડીયાના હાટ છે અને ત્યાંથી જોઈતી વસ્તુ લઇ પછીઃ

ચોથે દરવાજે વેવાયુના માંડવા કન્યા પરણીને વહેલા આવજોરે.

વરરાજા હજી સોળ વરસના બાળક છે તેથી શીખામણ સાંભળતા સાંભળતા આગળ વધે છે. રાત્રીનો સમય છે. આગળ, પાછળ અને મધ્યમાં મશાલો ઝત્કાર કરી રહી છે. આગળ વાજંત્રીઓ વાજીંત્રો વગાડી રહ્યા છે. તે પછી પુરુષ સમાજ અને તેની પાછળ વરરાજા ઘોડેશ્વાર અને પાછળ વહુ બેટી સાથે બીજો સ્ત્રી સમાજ, આતશબાજી, ફૂટી રહી છે.

ઘોડી પર બૈઠે શ્રીગોકુલ પતિ મોદ ભરે મન ભારી રે, આગે ચલી હૈ બારાત રંગીલી દીપ દણ્ડ ઉજીયારી રે.

વહુ બેટી ઘોડી કે પિછે ગાવત મંગલ ચારી રે, ગાન કરે કોકિલ મૃદુ બાની શોભા બડી અપારી રે.

ભકત સમાજ ત્યાંહા કરત કીરતન તન કી દશા વિસારી રે, સારંગી મૃદંગ ધુનિ ઉઘટત ઘુમકિટ થઇ ધુંકારી રે.

હારભાવ અતિ ચતુર નાયકા નાચત હે નૃત્યકારી રે, નૌબત તાશા નટ નાટકિયા નાચત નૃત્ય કલારી રે.

છાત ઝરોખા જાલી ગોખા વ્રજજન ચઢી અટારી રે, આતશબાજી વિવિધ ભાંતિ કી છુટક હેદ્યુતિ ન્યારિ રે.

સુરજ ચન્દ્રાદિક બહુક્રીડા શંખ ચક્ર ફૂલ જારી રે, ભયો પ્રકાશ કોટિ દિનકર જ્યોં પ્રસરી કિરણ છટારી રે.

પંખા મોરછલ કરત રસિક જન છત્ર ચમર દોઉ દિશ ઢારી રે, હાથી ઘોડા અનન્ત સામગ્રી ભીર ઝુરી નર નારી રે.

જાઇ પહોંચે વેણા ભટ્ટજી કી પોરી ગાવત મીઠી ગારી રે.....

રૂપાબાઇ કહે છે કે આ વરઘોડો જોતા દેવતા લોકને અતિ આશ્ચર્ય થયું છે. શુક સનકાદિક સ્તુતિ કરી રહ્યા છે, મથુરા નગરમાં કોલાહલ થઇ રહ્યો છે. આવી શ્રીગોકુલચંદની જે જાન મળી છે તેનો પાર પામી શકાય તેમ નથી તેમ રૂપાબાઇ કહે છે. બીજું સવાર પડવાને વાર છે. જાન અડધે રસ્તે પહોંચી છે, ત્યારે વર પક્ષનો સ્ત્રી સમાજ વેવાઇને કહે છેઃ-

વેવાઇ હાથી સામા મહેલો મહારાજ

વેણાભટ્ટ તરફના સામૈયું લઇને અડધે રસ્તે આવે છે અને હાથી જોઇ જાનડીયું ગાઇ ઉઠેઃ

વેણાભટ્ટ વેવાઇના હાથી હોય રે માંદા માણારાજ,

ગુસાંઇજીના હાથી હમચી ખુંદે માણારાજ.

આમ અડધે રસ્તે ઉભય પક્ષનો જન સમાજ ભેગા થાય છે ત્યારે જાણે માનવરૂપી મહાસાગર હોય તેવું દર્શન થાય છે.

..ક્રમશઃ

સંયોજનઃ- શ્રીગોકુલેશજીનું જીવનચરિત્રમાંથી સાભાર

શ્રીગોકુલેશ વાકસુધા

।। શ્રીસર્વોત્તમસ્તોત્રમ્ ।।

।। શ્રીગોકુલનાથજીની ટીકા સહિત ।।

...ગતાંકથી આગળ

ગયાં અંકમાં આપણે શ્રીગુસાંઈજી પ્રગટિત શ્રીમહાપ્રભુજીનું સત્તાવીસમુ નામ **सर्व-लक्षण-सम्पन्नः**[२७] વિષે સમજવાનો પ્રયાસ કર્યો. શ્રીમદ્ ભાગવતમાં દશમ્ સ્કંધમાં અલગ અલગ જગ્યાએ **सर्व-लक्षण-सम्पन्नः** આ નામની પ્રતીતિ થાય છે. **तन्वन् दृशां सखि सुनिर्वृतिं अच्युत एषः (१०.३०.११), लक्ष्यन्ते हि ध्वजाम्भोजचक्राङ्कुशयवादिभिः (१०.३०.२५), अपि एषपत्नी उपगतः (१०.३०.११), गायन्त्य उच्चैः अमुमेव संहताः (१०.३०.४)**

શ્રીગુસાંઈજી દ્વારા પ્રગટિત આ અલૌકિક નામોને સમજવું હોય તો શ્રીમદ્ ભાગવતના પ્રસંગોનું અનુસંધાન રાખવું જરૂરી છે. ગયા વખતે આપણે જાણ્યું કે શ્રીમહાપ્રભુજી સર્વદાન કરવાના સામર્થ્યથી પૂર્ણ છે. તેથી શ્રીગુસાંઈજીએ શ્રીમહાપ્રભુજીનું સત્તાવીસમું **सर्व-लक्षण-सम्पन्नः**[२७] પ્રગટ કર્યું.

આવું દાન ક્યારે પ્રાપ્ત થાય ? સર્વ ભાવોનું દાન તો ત્યારેજ શક્ય હોય જ્યારે શ્રીઠાકોરજીના જેટલા લક્ષણ હોય, તેટલા લક્ષણ શ્રીમહાપ્રભુમાં હોય, ત્યારેજ થઇ શકે. તેથી શ્રીગુસાંઈજી આપણને આ આજ્ઞા પ્રદાન કરે છે કે શ્રીમહાપ્રભુમાં શ્રીઠાકોરજી જેટલાજ ભાવો છે, એટલેજ શ્રીગુસાંઈજીએ આપશ્રીનું **सर्व-लक्षण-सम्पन्नः**[२७] નામ પ્રગટ કર્યું. પણ કોઈકને શંકા થાય કે શ્રીમહાપ્રભુજીમાં સર્વ લક્ષણ હોય, છતાં કેવા પ્રકારનું દાન પ્રદાન કરે છે ? તો આવી જ્યારે શંકા કોઈક વાદી કરે, ત્યારે શ્રીગુસાંઈજી શ્રીમહાપ્રભુજીના અઠ્ઠાવીશમું નામ પ્રગટ કરવા પ્રેરીત થાય છે, અને **श्रीकृष्ण-ज्ञानदो**[२८] નામ પ્રગટ કરે છે.

सर्व-लक्षण-सम्पन्नः[२७] **श्रीकृष्ण-ज्ञानदो**[२८] **गुरुः**[२९] ।।
स्वानन्द-तुन्दिलः[३०] **पद्म-दलायत-विलोचनः**[३१] ।। १३ ।।

ભાવાર્થ :- શ્રીમહાપ્રભુજી [૨૭]આપ સર્વ દાન કરવાના સામર્થ્યથી પૂર્ણ છો, [૨૮]પુષ્ટિમાર્ગના ફલરૂપ જે શ્રીપૂર્ણપુરુષોત્તમ તેના સ્વરૂપનું જ્ઞાન દેવાવાળા છો, [૨૯]પુષ્ટિભક્તિમાર્ગના ગુરુ છો, [30]અગણિત આનન્દથી પુષ્ટ છો, [31]કમલની પાંખડીના જેવા મોટા છે નેત્ર છે જેમના, એવા શ્રીમહાપ્રભુજી આપ છો. ૧૩

श्रीकृष्ण-ज्ञानदो[२८]:- આપશ્રી (શ્રીમહાપ્રભુજી) પુષ્ટિમાર્ગના ફલરૂપ જે શ્રીપૂર્ણપુરુષોત્તમ તેના સ્વરૂપનું જ્ઞાન દેવાવાળા છો છે.

રાગ : ભૈરવ

'શ્રીકૃષ્ણજ્ઞાનદ' સો મેરે મન ભાએ ।
કરિ કરૂના કલિજુગમેં નિજધામ તજિ, કૃપાનિધિ દૈવીજન ઉદ્ધરનકૌ અવનીતલ આએ ।। ૧ ।।

અન્યભજન અસદાલાપ અસત્સંગ અસમર્પિત, કામ ક્રોધ લોભ મોહ મત્સવ મિટાઐ ।
અપને જીવ જાનિ દયા કરિ શરણાગતવત્સલ, સિદ્ધાન્ત-વચનામૃત સુબોધિની સુનાઐ ।। ૨ ।।
નિજ સ્વરૂફ ગુપ્તરૂપ જાનત હૈ કોઉ નાહીં, કરૂના કરિ શ્રીવલ્લભ આપ સબ બતાઐ ।
શ્રીવિઠ્ઠલવર સરોજ રજ ધન 'ગોવિન્દ' પૈ, અદ્‌ભુત અતિ મહિમા સુજસ સબ ગવાઐ ।। ૩ ।।

મૂળ ટીકાનો ભાવાર્થ :- '**श्रीकृष्ण-ज्ञानदो**' એ (નામ)થી તેવું આપનાર હોવાપણું પ્રગટ કરે છે. '**श्रीकृष्ण**' શબ્દથી રસરૂપ ભક્તો સાથે (ભગવાન) હોવાનું કહેલું હોવાથી ભક્તિમાર્ગના ફલરૂપ કહેલા છે. તેમનું જે '**ज्ञान**' તે '**द**' આપે છે તેથી '**श्रीकृष्ण-ज्ञानदो**[२८]' એ (નામ) કહેલું છે. 'ભગવાનનું જ્ઞાન થવાના પ્રકારો ગીતા ભાગવત વિગેરેમાં કહેલા છે જ, તેથી તેમનાથી જ જ્ઞાન પ્રાપ્ત થતું હોવાથી આ જ્ઞાન આપવાનું (આચાર્યશ્રીને) શું પ્રયોજન એવી શંકા થાય છે', તો જાણવું કે જોકે તેમાં જ્ઞાનના પ્રકારો કહેલાં છે, ક્યાંક માત્ર જ્ઞાનરૂપ (કહેલા છે), પરંતુ તે ખરેખર રસ છે, એ શ્રુતિમાં જણાવેલ રસરૂપથી જણાવેલા નથી. તે (તેમાં કહેલા) પ્રકારો મર્યાદામાર્ગના હોવાથી શ્રીમહાપ્રભુએ પ્રગટ કરેલા ભક્તિમાર્ગમાં જેમનો અંગીકાર થયેલો છે તેમના મતને આનંદ કરનારા નથી. તેથી પોતાના માર્ગમાં જેમનું જ્ઞાન કરવાનું છે તે જૂદા છે એમ જણાવવા '**श्रीकृष्ण-ज्ञानदो**' એ (નામ) કહેલું છે. જો કે શુક કપિલ નારદ વિગેરે જ્ઞાન આપનારા છે, છતાં પણ તેઓ મર્યાદામાર્ગના હોવાથી તેમણે આપેલું જ્ઞાન પણ તે માર્ગનું જ છે, તેથી તેઓ શ્રીમહાપ્રભુની જેમ શુદ્ધપુષ્ટિમાર્ગનું જ્ઞાન આપનારા નથી, એમ પણ જણાવવા (શ્રીગુસાંઈજીએ) '**श्रीकृष्ण-ज्ञानदो**' એ (નામ) પ્રગટ કર્યું.

સરળ સમજૂતિ :- શ્રીમહાપ્રભુ 'શ્રી' સહિત કૃષ્ણનું જ્ઞાન આપે છે. રસોવૈસઃ, શ્રુતિ અનુસાર લીલા રસયુક્ત 'શ્રી' સહિત રસાત્મા યુગલ સ્વરૂપ કૃષ્ણનું જ્ઞાન આપશ્રી નિજજનોને આપે છે. ઉપરાંત તેઓને સ્વરૂપ-લીલા-ભાવવાળી ભક્તિનો બોધ પણ કરાવે છે.

સં. ૧૫૬૭માં અડેલથી આપશ્રી વ્રજમાં પધારતાં માર્ગમાં રૂનકતા ગામ પાસે શ્રીયમુના કિનારે ગૌઘાટ પર સુરદાસજી આપના શરણે આવ્યા. સેવક થયા બાદ શ્રીમહાપ્રભુએ સુબોધિનીની દશમસ્કંધની કારિકા '**नमामि हृदये शेषे...**' સંભળાવી જેથી સુરદાસજીને રસાત્મક લીલા વિશિષ્ટ સ્વરૂપનું જ્ઞાન થયું અને તેમણે ગાયું : '**चकई री, चल चरन सरोवर जहां नहिं प्रेम वियोग...जहां श्री सहस्त्र सहित नित क्रीड़त शोभित सुरजदास। अबन सुहात विषय-रस छिल्लर वा समुद्र की आस।।**' આ પ્રમાણે ગાઈને આવા રસાત્મક સ્વરૂપનું જ્ઞાન થયાની પ્રતીતિ કરાવી, આ રીતે પરમાનંદદાસ આદિ અન્ય સેવકોને પણ આપશ્રીએ શ્રીકૃષ્ણનું લીલાવિશિષ્ટ જ્ઞાન આપી ભગવદ્ સાક્ષાત્કાર કરાવ્યો હતો.

શ્રીમહાપ્રભુજી, આપશ્રી [૨૭]પુષ્ટિમાર્ગના ફલરૂપ જે શ્રીપૂર્ણપુરુષોત્તમ તેના સ્વરૂપનું જ્ઞાન દેવાવાળા **श्रीकृष्ण-ज्ञानदो**..છો

ક્રમશઃ

સંયોજનઃ- જિન શ્રીવલ્લભરૂપ ન જાન્યો, શ્રીગોકુલેશ વાકસુધામાંથી સાભાર

સ્વરૂપનિષ્ઠા

સર્વદા સેવ્ય ચતુર્થકુમાર શ્રીગોકુલેશપ્રભુચરણના અંતરંગ ભગવદીયો

વંશદાસ

આ વંશદાસ સુરતના વતની અને જ્ઞાતિએ બ્રાહ્મણ હતા. શ્રીગોકુલેશ પ્રભુના શરણે આવ્યા પછી તેઓ શ્રીગોકુલેશ પ્રભુમાં જ સદા સ્વરૂપાસક્ત થયા હતા. શ્રીગોકુલેશ પ્રભુને સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપે જ જાણ્યા હતા અને માણ્યા હતા. તેમનાં આવા અનન્ય ભાવથી તેમના ઉપર શ્રીગોકુલેશ પ્રભુ સદાય પ્રસન્ન રહેતા હતા. એક વખત સુરત શહેરમાં અતિ મુલાયમ અને સુંદર પરકાલો વેચાવા માટે આવ્યો હતો. ઉત્તમ વસ્તુ જોતાં જ વંશદાસના મનમાં પોતાના શ્રીપ્રાણપ્રિય શ્રીગોકુલેશ પ્રભુના જ સુખનો વિચાર આવ્યો અને તેમણે આ પરકાલો તત્કાલ ખરીદી લીધો. મનમાં મનોરથ કર્યો કે શ્રીગોકુલેશ પ્રભુનો સુંદર જામો સિદ્ધ થાય તે અર્થે હું ભેટ કરીશ.

આ પરકાલો લઇ વંશદાસ તરતજ શ્રીગોકુલ ચાલ્યા. શ્રીગોકુલ આવીને માલજીભાઇ પંચોલીને મળ્યા અને તમારો મનોરથ પણ ઉત્તમ છે. પરંતુ શ્રીગોકુલેશ પ્રભુ સ્વયં અંગીકાર કરશે નહિ પરંતુ પોતાના સેવ્ય સ્વરૂપને જ પ્રથમ અંગીકાર કરાવશે. ત્યારે વંશદાસે કહ્યું : પંચોલીજી, આ વસ્ત્ર મારા સ્વામી શ્રીગોકુલેશ પ્રભુચરણને માટે ઉપયોગમાં ન આવે અને આપશ્રી અંગીકાર ન કરે તો પરકાલો પાછો લાવજો. તમે મારા વતી પ્રિય શ્રીગોકુલપતિને ખાસ વિનંતી કરજો. પછી પંચોલીજીએ આ પરકાલો લઇ શ્રીગોકુલેશ પ્રભુના શ્રીહસ્તકમળમાં ભેટ ધર્યો. આવો સુંદર પરકાલો જોઇ શ્રીગોકુલેશ પ્રભુએ સ્વમુખે આજ્ઞા કરી : વસ્ત્ર અતિ સુંદર છે અને અમારા શ્રીઠાકોરજીને લાયક છે. ત્યારે પંચોલીજીએ વિનંતી કરી : કૃપાનાથ ! આ પરકાલો વંશદાસ લાવ્યા છે અને તેમનો મનોરથ છે કે આ પરકાલામાંથી આપના શ્રીઅંગનો સુંદર જામો સિદ્ધ કરવામાં આવે અને આપ તે અંગીકાર કરો ત્યારે જ વંશદાસનો મનોરથ પૂર્ણ થાય. વળી તેમને એમ પણ કહ્યું છે કે મારા ઘણા દિવસનો મનોરથ છે. જો આપ અંગીકાર ન કરે તો પાછો લાવજો.

કરૂણાસાગર શ્રીગોકુલેશ પ્રભુએ વંશદાસના હૃદયનો અનન્ય ભાવ જાણી અત્યંત પ્રસન્ન થયા અને વંશદાસના મનોરથ મુજબ આપશ્રીએ પોતાના શ્રીઅંગનો સુંદર જામો સિદ્ધ કરાવ્યો અને અંગીકાર કર્યો. આ પ્રમાણે પંચોલીજીની કાનિથી વંશદાસનો મનોરથ પૂર્ણ થયો.

આ વંશદાસ શ્રીગોકુલેશ પ્રભુના સ્વરૂપનિષ્ઠ અને અનન્યાસક્ત ભગવદીય હતા. તેમના ભાગ્ય અને ભાવનું વર્ણન કરવું અશક્ય છે.

સંયોજનઃ- સ્વરૂપનિષ્ઠા પુસ્તક, પ્રકાશક ભાઇલાલભાઇ શેઠ.



પુષ્ટિમાર્ગીય શિક્ષા

ગોધરા નિવાસી મોટાભાઇ (વજેરામભાઇ) વિરચિત

...ગતાંકથી આગળ

પવિત્રા, પ્રબોધિની, મકર-તિલ; મેષ સતુઆ ભોગ; હરિને પ્રથમ ધરાવીને, પ્રસાદ લેવા જોગ. ૭૫

આપણાં માર્ગની અનન્ય રીત છે કે જે કાંઇપણ ઉત્તમ વસ્તુ હોય, તે પ્રથમ શ્રીપ્રભુને અંગીકાર કરવી, ત્યારબાદ તેને પ્રસાદરૂપે પોતે ગ્રહણ કરવી. તેજ આ ભક્તકવિ આપણને સમજાવી રહ્યાં છે કે પવિત્રા ધરાવીને, પ્રબોધિનીને દિવસે મંડપમાં પધરાવીને, મકરસંક્રાન્તિને તિલવા ધરાવીને, મેષ સંક્રાન્તિએ સતુઆ ધરાવીને, વિગેરે આ કાર્યો કર્યા પહેલાં પોતે કશું લેવું નહિ. અને સર્વ પ્રથમ પ્રભુને અંગીકાર કરાવીનેજ પોતે પ્રસાદરૂપે ગ્રહણ કરવું. ૭૫

શ્રવણ, પઠન, શ્રીભાગવત, ગીતા વલ્લભી ગ્રંથ; તેમાં બુદ્ધિ વૃત્તિની, લેશ ન ધરવી વ્યર્થ. ૭૬

શ્રીમદ્ ભાગવત, ગીતા અને પુષ્ટિમાર્ગીય (શ્રીવલ્લભીય) ગ્રંથોનું શ્રવણ કરવું, પાઠ કરવો, ભાગવતાદિ કથા કહીને આજીવિકા ચલાવવાનું જરા પણ યોગ્ય નથી. એ રીતે કરેલું કાર્ય વ્યર્થ જાય છે. શ્રીમહાપ્રભુના એક સેવક કનોજીયા બ્રાહ્મણ પદ્મનાભદાસજી, કનોજમાં રહેતા. તે પોતે કથા કહેતા, વ્યાસાસને બેસતા અને ઊંચા આસને બેસતા, કોઇને ઘરે જવું ન પડતું. વૃત્તિ ઘરે બેઠાં ચાલી આવતી, એ રીતે રહેતા. એક સમયે શ્રીમહાપ્રભુ આપ કનોજ પધાર્યા, ત્યારે પદ્મનાભદાસ દર્શને આવ્યા ત્યારે પદ્મનાભદાસે શ્રીમહાપ્રભુના શ્રીમુખથી ભગવદ્ વાર્તાનો પ્રસંગ સાંભળ્યો. ત્યારે જાણ્યું કે એ (શ્રીમહાપ્રભુ) સાક્ષાત્ ઈશ્વર છે, શ્રીપૂર્ણ પુરુષોત્તમ એ જ છે. પુરુષોત્તમ જાણીને પદ્મનાભદાસ શ્રીમહાપ્રભુને શરણે આવ્યા, નામ પામ્યા પછી સમર્પણ કર્યું, પછી ઉત્થાપનના સમયે શ્રીમહાપ્રભુએ પોથી ખોલી. ત્યારે આપશ્રીએ દામોદરદાસ સંભાલવાલાના ઘેર બિરાજ્યાં હતા. પદ્મનાભદાસ પોતાના ઘરેથી ત્યાં આવ્યાં. પછી શ્રીમહાપ્રભુને આવી દંડવત્ કરીને બેઠા. ત્યારે શ્રીમહાપ્રભુએ સ્વરચિત નિબંધ ગ્રંથનો આ શ્લોક કહ્યોં :-

पठनीयं प्रयत्नेन सर्वहेतुविवर्जितम् ।

वृत्त्यर्थं नैव युञ्जीत प्राणैः कण्ठगतैरपि ।।

तदभावे यथैव स्यात् तथा निर्वाहमाचरेत् ।

त्रयाणां येन केनापि भजन् कृष्णमवाप्नुयात् ।।

શ્રીમહાપ્રભુએ આ શ્લોક દ્વારા કંઠોક્ત આજ્ઞા પ્રદાન કરી છે કે શ્રીભાગવત ઈત્યાદી ગ્રંથોને કોઈપણ હેતુ રહિત કરવું જોઈએ. ધનોપાર્જન માટે ક્યારેય ન કરવું. પ્રાણ કંઠે પણ કેમ ન આવ્યા હોય, છતાં શ્રીભાગવત વૃત્તિ (પૈસા) ભેગી કરવા ન કરવું. તેજ સંકેત આપણને મોટાભાઇ આ પંક્તિ દ્વારા આપણને શ્રીમહાપ્રભુના વચનો યાદ કરાવી યથાર્થ કરવા પ્રેરણા કરે છે. ૭૬

વૈષ્ણવનો આદર કરે, વૈષ્ણવને સત્કાર; વૈષ્ણવથી સાચો રહે, એ વૈષ્ણવી વ્યવહાર. ૭૭

વૈષ્ણવ જો અતિ દોહિલા, તુ અતિશે ધનવન્ત; કૃષ્ણભક્તિ પદવી વિષે, તુજથી મોટા સંત. ૭૮

વૈષ્ણવો પ્રત્યે મનમાં આદર ભાવ રાખે. વૈષ્ણવ ઘેર આવે ત્યારે તેનો આદર સત્કાર કરે. વૈષ્ણવો સાથે લૌકિક-અલૌકિક વ્યવહારમાં છળ-કપટ, દંભ, પ્રપંચ ન કરે. સાચી રીતે વર્તે. વૈષ્ણવ કદાચ સ્થિતિમાં ધનહીન હોય, અને પોતે ધનવાન હોય, તો પણ સમજવું જોઇએ કે ભક્તિ રૂપી ધન અને ભક્ત તરીકેનું પદ (મોભો) તો એમનું મોટું છે. ગમે તેવા નિષ્કિંચન છતાં ભગવદ્ ભક્ત સદા આદરને પાત્ર છે. ૭૭-૭૮

તેથી ભૂલે ના કરીશ, વૈષ્ણવનો અપરાધ; હૈયામાં હરિ દૂભાવ્યા, જેણે દુભાવ્યા સાધ. ૭૯

ભૂલે ચૂકે પણ વૈષ્ણવનો અપરાધ તો ન જ કરવો. સજ્જન એટલે ભગવદ્ ભક્તનું મન દુઃખાવવાથી શ્રીહરિનું હૈયું દુભાય છે. ભગવાન્ સ્વયં દુઃખિત થાય છે. આ વાત આપણે સમજી લેવી જોઇએ. શ્રીભાગવતમાં પણ ભગવાન આજ્ઞા કરે છે કે મારા ભક્તને પણ મારાથી અધિક જાણજે....તો પછી ભગવદ્ ભક્તનું કેવી રીતે હૈયું દુભાવાય ? ૭૯

...ક્રમશઃ

ગ્રંથકર્તા ગોધરાનિવાસી વજેરામભાઇ (મોટા ભાઇ)

મનપ્રબોધ

વ્યારાવાળા ગોપાલદાસભાઇ વિરચિત

...ગતાંકથી આગળ

હવે ગોપાલદાસભાઇ વ્યારાવાળા હવે જે અન્યસંબંધ છે, તે દુઃખરૂપ છે, તેના ત્યાગ કરી કેવલ શ્રીગોકુલેશ પ્રભુનાં ફલરૂપ ભજનનું પ્રતિપાદન કરી સ્નેહના સ્વરૂપને વર્ણવી રહ્યાં છે.

નેહતેં નવલ ગોકુલેશ રસ હરિ આવે, ભાવે જીય નેહ એસૌ નેજ ઉરમાં જ ધારિયે;
નિર્હેતુક નિરુપાધિ સાધનકો રૂપ આદિ, દેહ-ગેહ પ્રાણ ધન નેહ પર વારીયે;
રૂપ ગુન ચાતુરી વિવેક ભાવ ભૂષન યેહ, દૂષન સમાન લાગે નેહ બિન જારિયે;
ગેહિ વિત ગેહ જેસો પ્રાન વિન દેહ તેસો, નેહી બિન નાતો કેસૌ હોતો કરિ ડારિયે. ૧૦

સ્નેહ દ્વારા શ્રીગોકુલેશપ્રભુનો રસ ઢરિ આવે એટલે કે પ્રભુ જ્યારે ભક્તનો પોતાનામાં શુદ્ધ સહજ સ્નેહને નિરખે છે ત્યારે સત્વરે તેના પર કૃપારસ ઢરિ આવે છે. એ કૃપારસ ભક્તના સ્નેહને ઉરમાં ધારણ કરીને પ્રભુ જેમ કૃપા વરસાવે છે તેમ ભક્તે પણ પ્રભુનાં સ્નેહને ઉરમાં ધારણ કરવો જોઇએ. એ નિર્હેતુક એટલે કે કોઇ બદલાની ઇચ્છા વિનાનો ઉપાધિ રહિત સ્નેહ-સુખ લેવાની જ કામના હોય તો એ સ્નેહ ઉપાધિ-ચિંતા ઉત્પન્ન કરે છે. અને સુખ આપવાની કામનાવાળો સ્નેહ નિરુપધિ સ્નેહ કહેવાય. અત્રે ગોપાલદાસભાઇ કહે છે કે, આવી દુર્લભ કૃપા અને સ્નેહ ઉપર આપણો દેહ-ઘર-પ્રાણ-ધન સર્વસ્વ ન્યોછાવર

કરી દે. આવા વિશુદ્ધ સ્નેહ વિના રૂપ કે ગુણ ચતુરાઈ વિવેક ભાવ વગેરે ભૂષણ રૂપ શોભારૂપ હોવા છતાં દૂષણરૂપ હોય છે. તે બાળી નાખવા જેવા છે. ઘરમાં રહેનારા ન હોય તો ઘર ખંડેર બની જાય. પ્રાણ વિનાનો દેહ સુંદર હોય તો પણ ચિતાને સ્વાધીન કરવા યોગ્ય કહેવાય, તેમ સંબંધ ગમે તેટલો નિકટનો હોય કે દૂરનો હોય પરંતુ સ્નેહ ન હોય તો નાતો કાપી નાખવા યોગ્ય છે. સ્નેહ-સંબંધ જ સ્થાયી સંબંધ છે. બાકી અન્ય સંબંધ ક્ષણિક છે. માટે પ્રભુ સાથેનો સંબંધ તો દરેકને હોય છે પરંતુ સ્નેહ સંબંધ જ પ્રભુ પ્રાપ્તિ માટે રસાનુભૂતિ માટે આવશ્યક છે. જેમ ભક્ત કવિ સૂરદાસજી ગાય છે 'સબસે ઊંચી પ્રેમસગાઈ'..

સત્યસંકલ્પ અન્યથા કરે ન ગોકુલેશ, સ્વકીય ઉપદેશ કહેં બચન જોયે નિત્ય હૈં;
લૌકિક-અલૌકિક અરૂ કછુ કાહું ભાંતિકી, ચિંતા મતિ કરે એસો કહ્યો જામે હિત હૈ;
એસી જાન બુજ અનુભવ કરિ આપૂ મન, અતિ કરત ચિંતા તોકો અનુચિત હૈ;
હોત હૈ અવજ્ઞા એહે આજ્ઞા ઉલ્લંઘન કીયે, સિદ્ધ ફલ ખોએ એકો ફલકી ન મતિ હૈ. ૧૧

હે મન! શ્રીગોકુલેશ પ્રભુએ સ્વકીય ભક્તોને સ્વમુખેથી આજ્ઞા કરી કે લૌકિક યા અલૌકિક કોઈપણ પ્રકારની ચિંતા ન કરવી. આપશ્રીએ સત્ય સંકલ્પ છે. પોતાના વચનથી યા સંકલ્પથી અન્યથા એટલે વિપરીત નહીં કરે. આજ્ઞામાં ભક્તના હિતનો આપશ્રીએ વિચાર કર્યો છે. આવું અભયદાન પ્રાપ્ત થયા છતાં-પ્રભુનાં સન્મુખ અલૌકિક અનુભવ કર્યા છતાં તું ચિંતા યા ક્લેશ કર એ તો અનુચિત જ કહેવાય. ચિંતા કરવાથી બીજા દુઃખો તો પ્રાપ્ત થાય, તદુપરાંત આપની આજ્ઞાનું ઉલ્લંઘન રૂપી દોષ પણ પ્રાપ્ત થાય. ફલમાં વિલંબ થવા છતાં આપે જે આજ્ઞા કરી છે કે, પ્રભુમાં પોતાના અનન્ય ભક્તોને રસદાન કરવાનો સહજ ગુણ છે; અને સત્યસંકલ્પ છે એટલે એ ફલ તો સિદ્ધ જ છે. ચિંતાથી ફલ પ્રાપ્ત થાય? અર્થાત્ ચિંતાથી તો ફલ વિમુખતા થઅય, ક્લેશ થઅય, અંતરાય ઉત્પન્ન થાય છે.

મનસોં પ્રબોધિ અતિ મનુહાર કરિ કરિ, મન મેરો કહ્યો તૂ તો ચિંતા મતિ કરે રે;
ચિંતામણિ ગોકુલેશજીનેં ચિંતા કરિ દૂર, ક્રૂર તૂ સમુજી વે વચન ઉર ધરે રે;
આપ ચિંતા કીયે પાવે ચિત્તમેં ક્લેશ અતિ, સોઇ ઉબરેગીં તાતે ચિંતા પરિહર રે;
પ્રબલ અતુલબલ પ્યારે પ્રાણવલ્લભકો, સોઇ ચિત્ત ધરિ, ધીર ટેકતેં ન ટર રે. ૧૨

હે મન! વારંવાર મનુહાર કરીને વિનવું છું કે ચિંતા કરીશ નહિં. આપણા સ્વામી શ્રીગોકુલેશ પ્રભુ ચિંતામણિ છે. તેમનાં વચન પર વિશ્વાસ કરીને હૃદયમાં ધારણ કર. તેમની આજ્ઞા છે : તને અભય પ્રાપ્ત થયું છે, છતાં ચિંતા કર્યે રાખીશ તો તેથી પ્રતિબંધક ક્લેશનો જ વધારો થશે. જ્યારે આપશ્રીની કૃપાથી પ્રતિબંધ અવશ્ય દૂર થશે અને સ્વરૂપ રસની પ્રાપ્તિમાં અંતરાય દૂર થાશે. આવા પ્રબલ પ્રતાપી પ્રાણોથી પ્રિય એવા શ્રીગોકુલપતિએ તારુ વરણ કર્યું છે. એટલે કોઈપણ પ્રકારની ચિંતા કરીને ક્લેશ પ્રાપ્ત કરવા કરતાં ચિત્તમાં ધૈર્યને ધારણ કરીને જે અનન્યતા રૂપી ટેક છે-વ્રત છે, એ વ્રતથી ક્યારેય પણ વિચલિત થઈશ નહિં. મનને ઠપકો આપવાને બદલે મનુહાર કરીને સમજાવે છે. મનને અનિત્ય વસ્તુમાં આસક્ત જોઈને તેના પર દમન કરવાને બદલે મનુહાર કરીને યાદ દેવડાવે છે કે જેણે નિશ્ચિત થઈને એક આશ્રય દઢતાથી પ્રાપ્ત નથી કર્યો તેને પોતાની ગતિ વિષે અનિશ્ચિતતા હોય તે સહજ છે. પરંતુ તને તો શ્રીગોકુલપતિનો આશ્રય છે માટે તેના સંબંધવાળું મન તો સદા રસનો અનુભવ કરે. ચિંતા ન કરવી જોઈએ......

...ક્રમશઃ

ગ્રંથકર્તા વ્યારાવાળા ગોપાલદાસભાઇજી, સંયોજન-વિવેચનકર્તા ગો.શ્રીરસિકરાયજી (રાજકોટ).

|| કૃષ્ણરાય કૃત અથનામરત્નમાલાવલિ: લિખ્યતે ||

મહાનુભાવ ભક્ત-કવિઓ દ્વારા રચિત, સર્વદા સેવ્ય દાદાજી શ્રીગોકુલેશ પ્રભુચરણોના સ્વરૂપ-મહાત્મ્ય વિષયક જે સાહિત્ય હાલમાં ઉપલબ્ધ છે, તે સાહિત્ય પ્રાચીન લેખીયાઓ (હસ્તલિખિત ગ્રન્થ લખનારાઓ) દ્વારા લખેલ ગદ્ય અને પદ્યના સ્વરૂપમાં પ્રાપ્ત થાય છે. તે સાહિત્યમાંથી અમુક સ્તોત્ર વિગેરે સંસ્કૃત ભાષા વિજ્ઞાન-છન્દશાસ્ત્રના નિયમોના આધારે નિબદ્ધ થયેલ નથી. પાઠક-મિત્રોને નોંધ લેવી કે એવો અનુમાન છે કે સ્તોત્રમાં ભાષા સમ્બન્ધી ત્રુટિ પ્રાચીન લેખિયોઓની હોઇ શકે...સ્તોત્ર રચનાકાર મહાનુભાવ ભક્તિ કવિઓની નહી!

[६१]मुखनिक्षिप्ततांबूलचर्वितारुणसद्विजः । [६२]पक्वबिंबाधरोऽ[६३]नन्यभक्तदत्ताधरामृतः ।। २१ ।।
[६४]सुमुखः [६५]सुन्दरग्रीवः [६६]सुकपोलः [६७]सुनासिकः ।[६८]सुकर्णयुगविन्यस्तसुवर्णमणिकुण्डलः ।। २२ ।।

[૬૧]મુખમાં નાખેલા તાંબૂલને ચાવવાથી લાલ થેલા દાંતવાળા, [૬૨]પાકેલા ઘિલોડા (બિંબફળ) જેવા અધરવાળા, [૬૩]અનન્ય ભક્તોને અધરામૃત આપનાર. [૬૪]સુંદર મુખવાળા, [૬૫]સુંદર ગ્રીવાવાળા, [૬૬]કપોલવાળા, [૬૭]સુંદર નાસિકાવાળા, [૬૮]બન્ને સુંદર કાનમ્યં સુવર્ણમણિકુંડલ પહેરેલા.૨૧-૨૨

[६९]तिलकातिलसद्भालो [७०]राजीवदललोचनः । [७१]स्निग्धनीलालकवृतः [७२]सुंदरभ्रूयुगान्वितः ।। २३ ।।
[७३]शुभलक्षणसर्वाङ्गः [७४]सर्वावयवसौष्ठवः । [७५]संफुल्लपद्मवक्त्रश्रीदर्शनाकृष्टभक्तहृत् ।। २४ ।।

[૬૯]તિલકથી અતિશય પ્રકાશતા કપાળવાળા, [૭૦]કમલના જેવા લોચનવાળા, [૭૧]સ્નિગ્ધ શ્યામ કેશના સમૂહવાળા, [૭૩]સુંદર ભ્રમરોની જોડવાળા, [૭૩]શુભ લક્ષણવાળા સર્વ અંગોવાળા, [૭૪]સર્વ અવયવોના સૌષ્ઠવવાળા, [૭૫]ખીલેલા કમળ જેવા મુખની કાંતિથી આકર્ષાયેલા ભક્તોના (મનને) હરણ કરનાર. ૨૩-૨૪

[७६]सुस्निग्धमधुरालापो [७७]वचनामृतपोषकः । [७८]महाकारुणिकाधीशः [७९]कटाक्षाकृष्टमानसः ।। २५ ।।
[८०]चरणप्रणताशेषलोकशरणदाग्रणिः । [८१]त्रैलोक्याभरणीभूतः [८२]संसारतरणाश्रयः ।। २६ ।।

[૭૬]મીઠી સ્નેહવાળી વાણીવાળા, [૭૭]વચનામૃતથી પોષણ કરનાર, [૭૮]કૃપા કરનારાઓમાં શ્રેષ્ઠ, [૭૯]કટાક્ષથી મન હરણ કરનાર, [૮૦]ચરણે નમતા સર્વલોકોને શરણદાતાઓમાં મુખ્ય, [૮૧]ત્રણે લોકના આભરણરૂપ, [૮૨]સંસાર (સાગર) તરવાનો આશ્રય. ૨૫-૨૬

[८३]लक्ष्मीविलासनिलयः [८४]तातपादाब्जसेवकः । [८५]गिरिधारीपदांभोजसंचारिभ्रमरायितः ।। २७ ।।
[८६]हरिगानप्रियो [८७]दानशीलः [८८]सन्मानकारकः । [८९]नित्योत्सवमनाः [९०]प्रीतो [९१]वनितानयनोत्सवः ।। २८ ।।

[૮૩]લક્ષ્મીના વિલાસનું ધામ, [૮૪]પિતાના ચરણકમલને સેવનાર, [૮૫]શ્રીગિરિધારીની ચરણકમલ સમીપ ફરતા ભ્રમરના જેવા, [૮૬]હરિનું ગાન જેને પ્રિય છે તેવા, [૮૭]દાન કરનાર, [૮૮]સન્માન કરનાર, [૮૯]નિત્ય ઉત્સવમાં મન રાખનાર, [૯૦]પ્રસન્ન રહેનાર, [૯૧]વનિતાઓના નયનના ઉત્સવરૂપ. ૨૭-૨૮

[९२]निजजन्मोत्सवकरः [९३]स्वजनहितमङ्गलः । [९४]द्विजभोजनसुप्रीतो [९५]व्रजमङ्गलदायकः ।। २९ ।।
[९६]ऋषिपूजादिपूर्वोक्तमङ्गलाचारकारकः । [९७]सुवासिनी सुमुक्ताक्तपात्रनीराजनाञ्चितः ।। ३० ।।

[૯૨]પોતાનો જન્મોત્સવ કરનાર, [૯૩]સ્વજનનું મંગલ કરનાર, [૯૪]દ્વિજભોજનથી અતિશય પ્રસન્ન થનાર, [૯૫]વ્રજનું મંગલ કરનાર, [૯૬]ઋષિપૂજા વગેરે પૂર્વના કહેલા મંગલાચારો કરાવનાર, [૯૭]સૌભાગ્યવંતી સ્ત્રીઓએ સુંદર મોતીથી ભરેલા પાત્રથી આરતિ કરી પૂજેલા. ૨૯-૩૦

[९८]नारायणकुलोत्पन्नरत्नाभरणभूषितः । [९९]तत्कुलस्त्र्यञ्जलिक्षिप्तहेमपुष्पप्रपूजितः ।। ३१ ।।
[१००]निजालयकृतानेकगीतवाद्यमहोत्सवः । [१०१]सुगन्धिकुंकुमालेपकारिताशेषमङ्गल ।। ३२ ।।
[१०२]महानुभावः [१०३]परमो [१०४]भव्यमूर्तिः [१०५]महाद्युतिः ।[१०६]शुभस्मृतिः [१०७]शुभध्यानः [१०८]शुभकृन्नामकीर्तनः ।। ३३ ।।

[૯૮]નારાયણના કુલમાં ઉત્પન્ન થયેલાઓએ રત્ન અને આભરણો જેમને ભૂષણ ધરાવેલા છે તેવા, [૯૯]તે કુલની સ્ત્રીઓની અંજલિથી નખાએલા સુવર્ણના પુષ્પથી પૂજાએલા, [૧૦૦]પોતાના મંદિરમાં જેણે અનેક ગીત અને વાદ્યના મહોત્સવ કરેલા છે તેવા, [૧૦૧]સુગંધિ કુંકુમના આલેપથી સર્વ મંગલ કરાવનાર, [૧૦૨]મહાન્ અનુભાવવાળા, [૧૦૩]પરમ, [૧૦૪]ભવ્યમૂર્તિવાળા, [૧૦૫]અતિશય તેજસ્વી, [૧૦૬]જેનું સ્મરણ શુભ છે તેવા, [૧૦૭]જેમનું ધ્યાન શુભ છે તેવા, [૧૦૮]જેમના નામનું કીર્તન શુભકારી છે તેવા. ૩૧-૩૩

अष्टोत्तरशतश्रीमन्नाममालेयमद्भुता । श्रीवल्लभगुणेष्वेवं कृष्णरायेन गुंफीता ।। ३४ ।।
धार्या कण्ठगता नित्यं प्रभुसङ्गरसप्रदा । विशेषतरतुजण्येयं तदीयानन्यसेवकैः ।। ३५ ।।

શ્રીવલ્લભના ગુણમાં (ગુણરૂપી દોરીમાં) આ પ્રમાણે કૃષ્ણરાયે ગૂંથેલી પ્રભુના સંયોગરસને આપનારી અદ્‌ભુત એકસો અને આઠ શ્રીયુક્તનામની માલા નિત્ય કંઠમાં ધારણ કરવી. વિશેષે કરી તેમના અનન્ય સેવકોએ આનો જપ કરવો. ૩૪-૩૫

જૈ જૈ શ્રીગોકુલેશ

સારમાં સાર અવતાર અબલાતણો

સારમાં સાર અવતાર અબલાતણો, જેણે બલે શોભાજીનો વીર રીઝે
પુરૂષતણે પુરૂષાર્થ શું સરે, જો નવ નાથનું કાજ સીજે. ૧
મુક્તિ પર્યન્ત પ્રાપ્તિ પ્રગટ પુરૂષને વલી કાંઈ સેવકભાવ રાખે
રૂસણું રમભર્યું નાહ નોહોરા કરે, તે કાંઈ નારી અવતાર પાખે. ૨
અગમ નિગમ સિદ્ધાંત વેદાંત મળી, મથીને એ રસ પ્રગટ કીધો
તેરસ ભામિની ભાગ્યનિધિ ભોગવે, અનુભવી અનુદિત સ્વાદ લીધો. ૩
ઈન્દ્રઈશાન અજ અમર મહામુનિ, ગોપિકા ચરણરજ નિત્ય વંદે;
અધિક અધિકારને અધમપદ લેખવે, નરપણું નવરૂચે આપુ નિંદે. ૪
સ્વપ્ન સાચું કરો શ્રીવલ્લભ પાતળા, પ્રાર્થું પ્રાણપતિ પાણિ જોડી
પણ ચઢ્યો પશુ પુંઠ લાગ્યો પલે, તેમ નારાયણ નાથ તોડી. ૫

કવિત

અહંકાર અભિમાન ઈર્ષા તૂ તજ સબ,

ભજ ગોકુલેશ મેરી સીખ માનિ લીજીયે ;

પાખંડ પ્રતિષ્ઠાકો પ્રસિદ્ધ દોષ જાનત હે,

આપ અપરાધિ કહોં કૌન કામ કીજીયે ;

જામેં હે પતન સો જતન કરિ નીકે કરિ,

હિત હી સું હિત કરિ ઔર છાંડિ દીજીયે ;

જામેં પ્રાણવલ્લભકી રૂચિ રસદાયક હૈ,

તામેં મન સાનિ સાનિ એહી રસ પીજીયે. ૩૩

શ્રીગોકુલનાથજી જય

|| ShriGokulesho Jayati ||

ShriGokulnathji

(Life & Works)

....continued

ShriGokulnath charanan mein, Shish sada naman hai;
Yehi swaroop ko jeev chahe, Jo nijjan varan padhar hai. 1
ShriGokulesh hi yaha swaroop, jo hai adi aru ant Anoop;
ShriGokul mein raajat sada, ShriBaithak sada Anuroop. 2
Jin dwara yaha swaroop khoju, jo swaroop kare VrajVaas;
Dasgopal ke ShriRai prabhu, jako Puraan kare Prakaas. 3

Vallabha's live and works :-

As stated above, the propounder of pure monism is Vallabhacharya. According to the belief of the Sampradaya, He is the incarnation of God's face. It is said that God promised to take birth in the family of the Shattas of Telangana, i.e. Andhra, when 100 SomYagyas were over. Vallabhacharya's Father Lakshamana Bhatta completed the number, by performing remaining 5 SomYagyas. His fore-fathers lived in a small villate called Kankaravara, in Andhra, and belonged to Taitriya Brancha of the black Yajurveda,

and to the Bharadvaja Gotra. The Bhatts, viz. Yajna Narayana, Gangadhara, Ganpati, Vallabha and Lakshamana Bhatta performed 100 SomYagyas in all and it is said that when Lakshamana Bhatta completed the 100th SomYagyas, Vallabhacharya was born.

His father stayed in banaras when Vallabhacharya was five years old. He was sent to Madhavendra Puri of Madhava School for study. After $1^{1/2}$ years, Madhavendra went to Vraj region and so Vallabhacharya learnt, from Madhava Tirtha, the philosophical system of the day. When Lakshamana Bhatta came to Vijayanagar, Vallabhacharya stayed at the Sarasvati Bhandar and learnt fully well both the Mimansas. It is said that He came to be known as a learned philosopher by then, and wrote Tattavartha-Deepa-Nibandha at a young age.

His father started for a pilgrimage in Samvat 1545 and died in Samvat 1546 at Lakshamana Balaji. Vallabhacharya's elder brother had become an ascetic and so He had to bear the burden of the family. After sometime, with the consent of His uncle Janardana, He started for a pilgrimage in North India. During this pilgrimage, He initiated Damodardas Harsani and Krishnadas Meghana and accepted them as His disciples, who always accompanied Him at all places. When He was travelling in Jharkhanda, he experienced some mystic call for going to Vraja and having a darshana of ShriNathji. He went to Gokula, where, on the 11th day of the bright half of Shravana (samvat 1548), (which details we find in Siddhant Rahashya granth) He had a vision of Shrinathji who taught Him the Gadhya-Mantra and asked him to initiate divine souls of the Mantras and teach them the mode of worship. Here He heard of the event of the manifestitation of ShriGoverdhannathji on the mount Giriraj (near Jatipura) and He went there. He knew the whole event in details from Sadu Pandey of small village Anyor. He experienced similary divine call as He had heard in Jharkhanda. He stayed for some days there and worshipped the Lord Shrinathji.

He travelled in India thrice. He started from Vraj region in Samvat 1549, went to Vidyanagara and defeated the pundits in the assembly of the learned and established the Doctrine. He went to Puri, Setubandha, and other sacred places and read the Bhagavata at many places and ultimately came to Giriraj and celebrated the Anna-Kuta festival here. Then He went to Badrikashrama and returned to Gujarat.

After staying for one year with the mother and uncle, He started the second pilgrimage, with His mother. He went to Vraja and found that the temple of Shrinathji was destroyed by the Muslims. He got another temple prepared and instituted Shrinathji again in the new temple. During this pilgrimage Sikander Lodi came to know of Vallabhacharya's Greatness and got His portrait (with three disciples, present available the original one at Kishangarh palace) prepared by the painter Honhaar. It is said that when He went to Pandharpur, God Vithoba asked Him to marry, so that he could take birth as His son. Then in Samvat 1560, He married Mahalakshami, at Kashi.

During His further journey, He came to Vijayanagara, where Krishnadev Raya (who ruled during the period of 1509-1529 A.D) invited Him for Shastrartha, going on His court. He defeated all other Pandits and was Honoured as an AACHARYA. This incident is known as KanakaBhishekha. This incident took place in Samvat 1561, when Vallabhacharya was moving on the third pilgrimage. He came to conflict with many scholars in Puri and He composed the verse... **एकं शास्त्रं देवकीपुत्र गीतं...** and put it in the temple

of Jagnanathji to get His consent. It is reported that Lord Jagnanathji showed His consent to the verse written by Vallabhacharya and all the pundits were made silent. Similarly He defeated His opponents by Patravalambana in Kashi-banarasa.

In Samvat 1566-1567, He made a permanent resident at Adel near Allahabad. During His travels He wrote some works, but it was mostly at Adel that He wrote His important works, such as Mimansa Bhashya, Subodhini, etc. During His pilgrimages, He read the Bhagavata at some places and these places are known as the 84 SEATS (BAITHAKS).

He had two sons Gopinatha and Vitthalnatha. It is said that He had divine calls to leave this mortal world. In Samvat 1587 He went to Kashi and became a Samyasi. once he called His sons, gave them the best message, last message known as Shiksha-Slokas, and plunged in the waters of the Ganges. People saw a brilliant flush risint high into the sky. It is reported that Lord Krishna Himself appeared there and added $1^{1/2}$ stanzas to $5^{1/2}$ stanzas of Vallabhacharya and completed the Shiksha-Slokas.

Vallabhacharya has various Literary-philosophical works done, which are presently found.

AnuBhashya, BruhadBhashya, Subodhini, Poorva Mimansa Kaarika, Poorva Mimansa Bhashya, Shiksha Sloka, PurushottamSahashraNaam, Trividha Leela Namvali, Tattvartha Deepa Nibandha, Shrutisaar, Madhurastakama, Parivrudhastakama, Giriraajdharyastakama, ShriKrishnastakama, Nyasadesha, Shodashgrantha, KrishnaPremamrut, Panchsloki, etc. etc..

On these literary works, many Scholar Aacharyas of His sect wrote the commentraries to elaborate the indepths of the topics. As many topics are not so easy to understand, these commentaries helps a lot to get the true guidance towards the Literary works and the true philosophy of Vallabhacharya. Last time we saw different paths-sects of the Sanatana Religion. And the philosophy of that sect. The other paths-sects only took base of Vedas, Brahmasutras and Gita. But Vallabhacharya added ShriBhagavata as the Main authentic Literature for the Devotional methods.

All the above mentioned are available, few not available. The study of the works of Vallabhacharya reveals that He is a great Philosopher, an original thinker and an inspiring Religious Preacher - AACHARYA. In His system of Philosophy, He has shown oneness of the soul, the world and God, and He well interpreted the vast phenomenon of the Universe. He has indicated the true purpose of Life and the path of Realisation, i.e. Supreme Bliss.

.....to be continued

.....courtsey :- From the old thesis work on ShriGokulnathji.

ShriGokulnath Ki Jai





તાત તણો પ્રતિબિંબ રે રસના

વર્ષ ૩ અંક ૧૧
શ્રીષટતિલા એકાદશી વ્રત
પોષ વદ ૧૧,૨૦૬૭

શ્રીકન્હૈયા પ્રભુ કે વચનામૃત

એક સમય આપકું ગુજરાત પ્રદેશમેં વૈષ્ણવોએ વિનંતી કીની જે રાજ! અપને ઘરમેં દંડાકાર તિલક હોતે હે, ઔર દુસરે ઘરનમેં હરિચરણાકૃતિ તિલક હોત હે, યાકો કારણ કૃપા કરકે સમજાવીએ. તબ આપને આજ્ઞા કીની ! જે, શ્રીગોકુલેશજીએ શ્રીવલ્લભાધીશકી આજ્ઞાનુસાર તિલક કીયો હે, ઓર દુસરે ઘરનમેં વેદ-શાસ્ત્રમેં લીખે મુજબ તિલક હોત હે, સો તિલક નિર્ણય ગ્રંથમેં પ્રસિદ્ધ હે, ઓર શ્રીવલ્લભાધીશકે તત્વદીપ નિબંધ કે સર્વનિર્ણય પ્રકરણમેં તિલક સંબંધી આજ્ઞા કીની હે જે : **दण्डाकारं ललाटे स्यात्पद्माकारं तु वक्षसि, वेणुपत्रनाभिं बाह्वो रन्ध्रदीपाकृति भवेत्।।** યાતેં દંડાકાર તિલક શ્રીવલ્લભાધીશકી આજ્ઞાકો પાલન કરકે અવશ્ય કરનો, યામે સંદેહ ન રાખનો. તબ એક વૈષ્ણવે વિનંતી કીની જે રાજ! કોઇ કોઇ એસે કહત હે જે શ્રીગોકુલનાથજી શ્રીગોવર્ધનનાથજીકી સેવામેં સ્નાન કરકે ઉતાવલસું પધારે હતે, તબ તિલક વચમાં બાંધતાં રહી ગયેલું તેથી શ્રીનાથજીએ દંડાકાર તિલક ઈનકે વૈષ્ણવકું કરાયો ઓર આપને કીયો હે, વે બાત જૂઠી હે, શ્રીઆચાર્યજીકી આજ્ઞા સત્ય હે, ઓર શ્રીકૃષ્ણ પ્રેમામૃતકે દશમે શ્લોકકે વિવરણમેં શ્રીગુસાંઈજી આજ્ઞા કરત હે જે શ્રીકૃષ્ણ દ્વિરેખ દંડાકાર તિલક ધારણ કરતે હતે, '**भ्रूमध्य केश पर्यंत समान रेखा द्वयात्मकं तिलकं विधाय**' યહ સિદ્ધાન્ત શ્રીગોકુલેશ્વરકે ગૃહમેં દ્વિરેખ દંડાકાર તિલક મુખ્ય હે. ૧૩૪